સમય મર્યાદા

નં.નાનિઅજાક/પો.મે.શિ./૧૭-૧૮/૩૯૫૨ થી૭૮૫
નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની કચેરી,

તા.જિ. મહેસાણા તા.૦૩ / ૧૦/૨૦૧૭

પ્રતિ,

આચાર્યશ્રી,

......................................................

......................................................

......................................................

**વિષય :- વર્ષ ૨૦૧૭-૧૮ની અનુ.જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ / ફુડબીલ / સાધન./ સહાય / એમ.ફીલ-પી.એચ.ડી/ ITI યોજનાઓનો અમલ Digital Gujarat Portal મારફત કરવા બાબત (https://www.digitalgujarat.gov.in)**

**શ્રીમાન,**

**સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે દર વર્ષની જેમ ચાલુ નાણાકીય વર્ષ-૨૦૧૭-૧૮ ના શૈક્ષણિક સત્ર દરમ્યાન આપની ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજ/યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરી ચુકવણું DBTથી કરવાનુ થાય છે.**

ચાલુ નાણાંકીય વર્ષ: ૨૦૧૭-૧૮ દરમ્યાન આપની ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજ/યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં અનુ.જાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને સાથેના પત્રક-અ મુજબની યોજનાઓનો લાભ **Digital Gujarat Portal** મારફત DBT દ્વારા આપવાનો થાય છે. જે બાબતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગરના તા: ૨૨/૦૯/૨૦૧૭ના પત્રથી દૈનિક પત્રોમાં જાહેરાત આપી વિદ્યાર્થીઓએ તથા સંસ્થાએ કરવાની થતી કાર્યવાહીની જાણ કરવામાં આવેલ હતી તેમજ નિયામકશ્રી, ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુ.રા.ગાંધીનગરના તા:૧૯/૦૯/૨૦૧૭ના પત્રન: શિષ્યવૃતિ/૧૭-૧૮/૪૨૦૭-૪૭૫૨થી પણ સંસ્થાઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. જે સૂચનાઓનુ ચુસ્ત પણે પાલન કરી તમામ વિદ્યાર્થીઓજે ઓનલાઇન અરજી કરાવવા વિનંતી છે. (જાહેરાત તથા ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગરના પરીપત્રની નકલ સામેલ છે.)

ઉક્ત જાહેરાતથી જે સૂચનાઓ આપવામાં આવેલ હતી તે ફરી આપની જાણ સારૂ આપવામાં આવે છે.

**A. <u>વિદ્યાર્થીઓએ એ કરવાની/સમજવાની કાર્યવાહી:-</u>**

(૧) પ્રથમ વિદ્યાર્થીઓએ Digital Gujarat Portal વેબસાઇટ પર Citizen તરીકે નવું રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે. નવુ રજીસ્ટ્રેશન આધાર નંબર, E-mail ID, મોબાઇલનં તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશનમાં E-mail ID અને મોબાઇલનં રજીસ્ટ્રેશન વખતે ફરજીયાત હોવાથી વિદ્યાર્થીઓનું E-mail ID અને મોબાઇલનંબર હોવો ફરજીયાત છે. રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પુન: Login કરી પોતાની પ્રોફાઇલ (My Profile) Update કરવાની રહેશે.

(૨) પ્રોફાઇલ Update કર્યા બાદ વિદ્યાર્થીએ આ સાથેના પત્રક-અ મુજબની યોજના પૈકી જે યોજના માટે પાત્રતા ધરાવતા હોય તે યોજનામાં ઓનલાઇન અરજી કરવાની રહેશે. વિદ્યાર્થી ઓનલાઇન લોગીન થયા બાદ "Request a New Service" ઉપર ક્લીક કરી "Filter Services" મેનુમાં જઇ "Director Schedule Caste Welfare" પર ક્લીક કરશે તો અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની પોસ્ટમેટ્રીક

યોજનાઓનુ લીસ્ટ જોઇ શકાશે અને જે યોજના માટે પાત્રતા ધરાવતા હશે તેમા કલીક કરી એપ્લાય કરી શકાશે. યોજના પંસદ કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને Attachmentમાં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ Upload કરવાના રહેશે. તમામ વિગતો અને ડોક્યુમેન્ટ Upload અપલોડ થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને પુરેપુરી અરજીપત્રક ભરાય ગયા બાદ ફાઇનલ કરી Submit કરવાનુ રહેશે જેથી અરજી વિદ્યાર્થીના સબંધિત શાળા/કોલેજના લોગીનમાં ઓનલાઇન જતી રહેશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી શાળા/કોલેજને જમા કરાવવાના રહેશે.

નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે.

(૩) **જે વિદ્યાર્થીએ અગાઉ પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે વર્ષ ૨૦૧૭-૧૮માં સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટે Online અરજી કરેલ હોય, ટેબલેટ માટે અરજી કરેલ હોય કે પોર્ટલની અન્ય યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓએ સીધા તે જ Login ID-Password વડે જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.**

(૪) તમામ વિદ્યાર્થીઓએ આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી તમામ વિદ્યાર્થીઓ તેમના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) જો બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્કને વિગતો પુરી પાડી લીકીંગ (સીડીંગ) કરાવી દે તેવી વિનંતી કરવામાં આવે છે. દરેક વિદ્યાર્થી દીઠ એક મોબાઇલ નંબર તથા એક ઇ-મેઇલ આઇ.ડી. યુઝ કરવા દેવામાં આવશે.

(૫) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે.

(૬) પોર્ટલ પર અરજી કરવા માટેની આખરી **તા.૧૫/૧૧/૨૦૧૭** નિયત થયેલ છે. તે બાબત ધ્યાને લઇ તા.૧૫/૧૧/૨૦૧૭સુધીમાં તમામ વિદ્યાર્થીઓએ બિનચૂક ઉપરોકત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી લાગુ પડતી યોજનામાં Online અરજી કરવાની રહેશે.

(૭) **જે જિલ્લાનાં મૂળવતની હોય તેવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ગુજરાત રાજય બહાર (Out Stateમાં) માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ Online જ અરજી કરવાની રહશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતા અને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ સાથે મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાની રહેશે.**

(૮) જે વિદ્યાર્થીઓએ ફ્રીશીપકાર્ડ કઢાવી એડમીશન મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ "અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ (GOI) (માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓ માટે)(BCK-6.1)" યોજનામાં જ એપ્લાય કરવાનુ રહેશે.

(૯) **વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે પણ જો તેની એપ્લીકેશન સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે જે ધ્યાને લેવાનુ રહેશે.**

(૧૦) વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે.

(૧૧) વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાના રહેશે.

(૧૨) ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામુ કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે

(૧૩) વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા વધારા કરી શકશે નહિ.

(૧૪) વિદ્યાર્થીએ ડીઝીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્ને જરૂર જણાયે હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

B. **ઉચ્ચત્તર માધ્યમિક શાળા (ધો: ૧૧/૧૨) / તમામ પ્રકારની કોલેજો/ યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. એ કરવાની કાર્યવાહી:-**

(૧) કોલેજ કક્ષાની દરેક સસ્થાઓ માટે તેઓનો By Default Login ID સંસ્થાનો AISHE કોડ રહેશે જ્યારે By Default Password "Abcd@123" રહેશે.નવી સંસ્થાએ તે કોડ સબંધિત કચેરી પાસેથી મેળવવાનો રહેશે. જે સંસ્થાએ વર્ષ ૨૦૧૭-૧૮માં Digital Gujarat Portal પર ટેબલેટ સહાયની કામગીરી કરેલ હશે તેઓ પાસે Digital Gujarat Portalના LoginID અને Password પહેલાથી જ હશે જેથી તેઓએ ફરી લેવાની જરૂરીયાત રહેશે નહિ. ધોરણ-૧૧,૧૨માં દરેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો DISE કોડ તેનો Login ID રહેશે જ્યારે By Default Password"Abcd@123" રહેશે, આઇ.ટી.આઇમાં SSO કોડ તેનો Login ID રહેશે જ્યારે પાસવર્ડ તમામ ITIને Password આપવામાં આવેલ છે. પ્રથમ વખત લોગીન થયા બાદ સંસ્થાએ Default પાસવર્ડ Change કરવાનો રહેશે તેમજ પ્રથમ વખત લોગીન થયેથી તમામ કોલેજ/યુનિવર્સિટીએ પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે અને કોલેજ / યુનિવર્સિટીમાં જે કોર્ષ ચાલતા હોય તેની વિગતો અપડેટ કરવાની રહેશે. કોલેજ/યુનિવર્સીટી દ્વારા કોર્ષની વિગતો અપડેટ કરવામાં આવાશે ત્યાર બાદ જ વિદ્યાર્થીઓને Online અરજી કરતી વખતે Website પર કોર્ષની વિગતો જોવા મળશે અને અરજીપત્રકો Online ભરી શકાશે જેની નોંધ લેવી.

(૨) આ પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનુ પ્રથમ વખત Online અમલીકરણ હોવાથી એક ઝુંબેશના ભાગ રૂપે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇઓએ ઉક્ત યોજનાઓ પૈકી લાગુ પડતી કેટેગરી - જાતિ મુજબના વિદ્યાર્થીઓને મહત્તમ લાભ લઇ શકે તે માટે જરૂરી પરીપત્ર કરી સંસ્થાના નોટીસ બોર્ડ પર મુકી આ બાબતો પ્રસિદ્ધ કરી વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવા જણાવવામાં આવે છે. વધુમાં જો ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સિટી / આઇ.ટી.આઇ.માં ઇન્ટરનેટની સુવિધા હોય તો ITના જાણકાર કર્મચારીની મદદથી વિદ્યાર્થીઓને Online અરજી કરાવવાની કામગીરી સંસ્થા લેવલે કરાવી તા:૧૫/૧૧/૨૦૧૭ સુધીમાં અરજીઓ કરવાની તમામ કામગીરી પૂર્ણ કરાવવાની રહેશે. Online અરજી પ્રકિયા પૂર્ણ થયે તેની પ્રિન્ટ તથા સાધનિક કાગળો સાથેની અરજી જે તે શાળા/કોલેજ/ યુનિવર્સિટીના શિષ્યવૃતિની કામગીરી સંભાળતી શાખાએ એકત્રિત કરી રાખવાની રહેશે. તેના આધારે Online વેરીફીકેશનની કામગીરી સમય મર્યાદામાં કરવાની રહેશે.

(3) વિદ્યાર્થીઓની અરજી કરવાની કામગીરી બાદ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ.એ પોતાના User ID/Passwordના આધારે ઉક્ત તમામ વિદ્યાર્થીઓના Online Applicationની Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સંબધિત જિલ્લા

કચેરીને Online Forward કરવાની રહેશે. અને વિદ્યાર્થી દ્વારા મળેલ તમામ અરજીઓ (હાર્ડકોપી) સાધનિક કાગળો સહિત દરખાસ્ત બનાવી સબંધિત જિલ્લા કચેરીમાં ફોરવર્ડીંગ સાથે રજુ કરવાની રહેશે.

<u>અન્ય સૂચનાઓ:-</u>

(૧) ઉચ્ચત્તર માધ્યમિક શાળા (ધો: ૧૧/૧૨) / તમામ પ્રકારની કોલેજો/ યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇઓએ જે અરજીઓ ઓનલાઇન મંજુર કરે તેની નકલ તથા સાધનિક પુરાવા સહિતની દરખાસ્ત અત્રેની કચેરીએ ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે. યોજનાવાર દરખાસ્તોની ફાઇલો અલગ અલગ રજુ કરવા વિનંતી છે જેવી કે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની ફાઇલ અલગ, ભોજનબીલની ફાઇલ અલગ વિગેરે.

(૨) શિષ્યવૃતિ દરખાસ્તની ફાઇલ ચકાસણી અર્થે રજુ કરવામાં આવે ત્યારે તેની ઉપર શાળા/કોલેજના ફોન નંબર તથા શિષ્યવૃતિ યોજનાનુ કામ સંભાળતા કર્મચારીશ્રીનો કોન્ટેક્ટ નંબર દર્શાવવાનો રહેશે.

(3) જરૂર જણાય સંસ્થાએ અનુસૂચિત જાતિના તમામ વિદ્યાર્થીઓને શાળા/કોલેજમાં એકસાથે બેઠક યોજી ફોર્મ કેવી રીતે ભરવા તે સંબધિત તમામ માર્ગદર્શન આપવુ.

(૪) શાળા/કોલેજને સરકારશ્રી દ્વારા મળેલ માન્યતાપત્ર (એફીલીએશન) ની નકલ તેમજ યુનિવર્સિટી કે ફી રેગ્યુલર કમિટીએ સંસ્થાનુ જે ફી નુ માળખુ મંજુર કરેલ હોય તેના આધાર પુરાવા દરખાસ્ત સાથે પ્રથમ પાને રાખવાના રહેશે અને દરખાસ્ત ચકાસણી અર્થે આવો ત્યારે રજુ કરવાના રહેશે. જો શાળા/સંસ્થા પાસે યુનિવર્સિટી કે ફી રેગ્યુલર કમિટીએ મંજુર કરેલ ફી અંગેનુ માળખું નહિ હોય તો તેવા સંજોગોમાં સરકારશ્રીના નિયમો મુજબ માત્ર નિભાવ ભથ્થુ જ મળવાપાત્ર થશે શિક્ષણફી ચુકવી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી છે.

(૫) ગુજરાત રાજ્યના મુળ વતની હોય તેવા અનુ.જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની દરખાસ્તો જ રજુ કરવાની રહેશે.

(૬) વિદ્યાર્થી જાતિ/આવકના દાખલા સક્ષમ અધિકારીશ્રીના રજુ કરે તે ધ્યાન રાખવાનુ રહેશે. (આવકના દાખાલાઓ મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી / COશ્રી ના બીડવા)

(૭) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શિષ્યવૃત્તિ હોસ્ટેલર દર મુજબ મળવા પાત્ર રહેશે.

(૮) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં તથા સરકારી છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની ઓનલાઇન અરજી સાથે છાત્રાલયના સક્ષમ સત્તાધિકારીશ્રીના સહિ/ સિક્કા વાળુ પ્રમાણપત્ર અપલોડ કરવાનુ રહેશે. ( જે પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે)

(૯) અનુ. જાતિ કલ્યાણ ગુ.રા. ગાંધીનગર સંચાલિત સરકારી કુમાર/કન્યા છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેવા અને/અથવા જમવાની સગવડ મફત હોય તેઓને ૧/૩ (વનથર્ડ) ના દરે શિષ્યવૃતિ (નિભાવદર) આકારવામાં આવશે

(૧૦) પુરો સમય નોકરી કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને શિષ્યવૃતિ મળવાપાત્ર નથી જે ધ્યાને લેવાનુ રહેશે.

(૧૧) જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનુ ઇન્કમટેક્ષ માટેનુ ફોર્મ ૧૬ અપલોડ કરવાનુ રહેશે તથા દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

(૧૨) તમામ સંસ્થાઓએ વેબસાઇટ ઉપર, અખબારી યાદીમાં, ઇમેઇલથી કે SMSથી વિદ્યાર્થીઓને સૂચના આપી સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૩) સંસ્થાએ દરેક વિદ્યાર્થીને સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ આપવાની રહેશે.

(૧૪) જો કોઇ વિદ્યાર્થીને બેંક એકાઉન્ટ ખોલાવવામાં મુશ્કેલી પડે તો તે અંતર્ગત સંસ્થાએ જરૂરી મદદ કરી વિદ્યાર્થીઓના ખાતા ખોલાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૫) જો કોઇ વિદ્યાર્થીની શિષ્યવૃતિની રકમ કોઇ કારણોસર પરત કરવાની થાય તો નીચેના બજેટ હેડે ચલણથી જમા કરાવવાની રહેશે.
૨૫૦- અન્ય સામાજિક સેવાઓ
૧૦૧- અનુ.જાતિ, અનુ. જન જાતિ તથા અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ.
૮૦૦ અન્ય પ્રાપ્તિ, SCW- (જે યોજના હેઠળ શિષ્યવૃતિ મેળવેલ હોય તેનુ નામ લખવુ)

**ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ અનુ.જાતિના તમામ વિદ્યાર્થીના ફોર્મ ઓનલાઇન ભરાવી એકત્ર કરી દરખાસ્ત એકી સાથે જિલ્લા કચેરીમાં ચકાસણી અર્થે રજુ કરાવવાની રહેશે. પુરવણી દરખાસ્તો ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ. સમય મર્યાદામાં ન આવેલ તથા અધુરી વિગતોવાળી કે પુરવણી દરખાસ્તો અંગે સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.**

નોંધ:- ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.

પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ **(BCK-6.1)** અંતર્ગત અનુ.જાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર ગ્રુપ વાઇઝ નિભાવભથ્થુ

| ગ્રુપ | અભ્યાસક્રમની વિગત | છાત્રાલયમાં રહેતા ન હોય (ડેસ્કોલર) /માસિક | છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં (હોસ્ટેલર) /માસિક |
|---|---|---|---|
| ૧ | મેડીકલ સ્નાતક અને અનુ.સ્નાતક કક્ષાના એલ.એલ.એમ., એન્જીયરીંગ,ટેકનોલોજી, આર્કીટેક્ચર, મેનેજમેન્ટ, નાણાંકીય બિઝનેશ, કોમ્પ્યુટર સાયન્સ / એપલીકેશન, સી.એ./ આઇ.સી.ડબ્લ્યુ.એ./સી.એસ./ એમ.ફીલ / પી.એચ.ડી., ડી.લીટ વગેરે | ૫૫૦ | ૧૨૦૦ |
| ૨ | ડીગ્રી, ફાર્મસી (બીફાર્મ), નર્સિંગ(બી.નર્સિંગ), એલ.એલ.બી., માસ કોમ્યુનીકેશન, હોટેલ મેનેજમેન્ટ/ ટુરીજમ. લધુતમ પ્રવેશ લાયકામ ૧૦+૨ છે તેવા તરફ જતા ધંધાકીય કોર્ષ, તથા ગૃપ-૧ માં સમાવેશ ન થતો હોય તેવા અનુ. સ્નાતક કોર્ષ ( એમ.એ. / એમ.એસ.સી/ એમ.કોમ/એમ.એડ / એમ.ફાર્મ વગેરે | ૫૩૦ | ૮૨૦ |
| 3 | ગૃપ-૧ તથા ગૃપ-૨માં સમાવિષ્ટ ન થતા સ્નાતક કક્ષા તરફ દોરતા કોર્ષ (બી.એ. /બી.એસ.સી / બી.કોમ વગેરે | ૩૦૦ | ૫૭૦ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ધો.૧૧-૧૨ બન્ને પ્રવાહ, આઇટીઆઇ, પોલીટેકનીકમાં ત્રણ વર્ષનો ડીપ્લોમાં કોર્ષ | ૨૩૦ | ૩૯૦ |

નોંધ :- આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે શિ.વૃ. ની કામગીરી માટે તેઓના કલાર્કશ્રી ફાઇલ લઇને આવે ત્યારે કલાર્કશ્રીએ દિવસ શિષ્યવૃતિ માટે ફાળવે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
જિ......................

બિડાણ: ઉપર મુજબ

નકલ સવિનય રવાના:-

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૨) કુલ સચિવશ્રી, .................................... યુનીવર્સિટી, જિ.........................

(3) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.................... તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.

| Digital Gujarat Portal મારફત Online કરવાની થતી યોજનાઓની વિગત (પત્રક-અ) | | | | |
|---|---|---|---|---|
| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | | | | |
| અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ | | | | |
| અ.નં. | યોજનાનું નામ | કુટુંબની આવક મર્યાદા | કુમાર કે કન્યા માટે | રીમાર્કસ |
| ૧. | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ (GOI) (BCK-6.1) | રૂ. ૨.૫૦ લાખથી ઓછી | કુમાર/ કન્યા બંને | ફ્રીશીપકાર્ડ વગરના વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ. |
| ૨. | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ (GOI) (માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓ માટે) (BCK-6.1) | રૂ. ૨.૫૦ લાખથી ઓછી | કુમાર/ કન્યા બંને | માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ. |
| ૩. | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ભોજનબીલ સહાય (BCK-10) | રૂ. ૨.૫૦ લાખથી ઓછી | કુમાર અને કન્યા બંને | સંસ્થા(કોલેજ) સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ ભોજનબીલ મળવા પાત્ર છે. |
| ૪. | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે એમફીલ./પી.એચ.ડી મહાનિબંધ સહાય (BCK-11) | રૂ. ૨.૫૦ લાખથી ઓછી | કુમાર અને કન્યા બંને | આ યોજનનો લાભ મહાનિબંધ (થીસીસ) રજુ કરવાની શરતે આપવાનો રહેશે. |
| ૫. | મેડીકલ / એન્જીનીયરીંગ / ડિપ્લોમાંમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સાધન સહાય (BCK-12) | રૂ. ૨.૫૦ લાખથી ઓછી | કુમાર અને કન્યા બંને | માત્ર પહેલા વર્ષમાં અભ્યાસ કરવા વિદ્યાર્થીઓને જ મળવા પાત્ર છે. |
| ૬. | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આઇ.ટી.આઇ. શિષ્યવૃતિ / સ્ટાઇપેન્ડ (BCK-13) | શહેરી વિસ્તાર માટે રૂ. ૬૮,૦૦૦/- ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૪૭,૦૦૦/- થી ઓછી | કુમાર અને કન્યા બંને | - |
| ૭. | અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓ(કન્યાઓ) માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ (BCK-5) (જેમના વાલીની આવક ૨.૫૦ લાખ કરતા વધારે હોય) | રૂ. ૨.૫૦ લાખથી વધુ | માત્ર કન્યા | માત્ર નિભાવ ખર્ચ મળવા પાત્ર છે. |

<u>ખાસ જરૂરી</u>
તાત્કાલિક
**Digital Gujarat Portal**

ક્રમાંક/ શિષ્યવૃતિ/૨૦૧૭-૧૮/૪૨૦૩-૪૭૫૨
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોકનં:૧૨, જિ. ગાંધીનગર
તા.૧૯/૦૯/૨૦૧૭

પ્રતિ,

ઉપકુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ
આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી કોલેજો, તમામ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ

**વિષયઃ- રાજ્ય સરકારશ્રીની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાતવર્ગ, લઘુમતી અને વિચરતી અને વિમુક્તિ જાતિની ધો:૧૦ પછીની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની વિવિધ યોજનાઓ Digital Gujarat Portal પર વર્ષ ૨૦૧૭-૧૮થી Online કરવા બાબત**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળના **Director, Developing Caste Welfare** (નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ) ખાતાની સામાજિક અને શૈક્ષણીક રીતે પછાતવર્ગ (S.E.B.C.), આર્થિક રીતે પછાતવર્ગ (E.B.C.), વિચરતી અને વિમુક્તિ જાતિ (NTDNT) તેમજ લઘુમતી (Minority) જાતિની કુલ -૧૭ યોજનાઓ, **Director, Schedule Caste Welfare** (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ) ખાતાની અનુસૂચિત જાતિ (SC)ના વિદ્યાર્થીઓની કુલ-૬ યોજના તેમજ સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હેઠળના **Commissioner, Tribal Development** (કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ) ખાતાની અનુસૂચિત જન જાતિ (ST)ના વિદ્યાર્થીઓની કુલ-૬ યોજના એમ કુલ મળી ત્રણેય ખાતાની કુલ-૨૯ યોજનાઓ ધોરણ:૧૦ પછીના તમામ અભ્યાસક્રમો માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના, ફુડબીલ સહાય યોજના, સાધન સહાય યોજના, એમ.ફીલ-પી.એચ.ડી સહાય યોજના, જેવી વિવિધ યોજનાઓની **Online** અરજીપત્રકો મેળવવાની કામગીરી વર્ષ ૨૦૧૭-૧૮થી ગુજરાત સરકારશ્રીએ NIC મારફતે **Digital Gujarat Portal** વેબસાઇટ <u>**https://www.digitalgujarat.gov.in**</u> ઉપર **Online** કરવાનુ ઉપલબ્ધ કરાવેલ છે.

આ શિષ્યવૃતિ યોજનાઓનુ પ્રથમ વખત **Online** અમલીકરણ હોવાથી એક ઝુંબેશના ભાગ રૂપે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓએ ઉક્ત ૨૯-યોજનાઓમાં કેટેગરી – જાતિ મુજબ લાગુ પડતા વિદ્યાર્થીઓને મહત્તમ લાભ લઇ શકે તે માટે જરૂરી પરીપત્ર કરી, સંસ્થાના નોટીસ બોર્ડ પર મુકી આ બાબતો પ્રસિદ્ધ કરી વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવા જણાવવામાં આવે છે. વધુમાં જો શાળા / કોલેજો / યુનિવર્સિટીમાં ઇન્ટરનેટની સુવિધા હોય, આઇ.ટી.ના જાણકાર કર્મચારીની મદદથી વિદ્યાર્થીઓ માટે આ **Online** અરજી સાથે **Upload** કરવાના સાધનિક કાગળો મેળવી વિદ્યાર્થી વાઇઝ **Digital Gujarat Portal** પર વિદ્યાર્થીને સાથે રાખી રજીસ્ટ્રેશન કરી લાગુ પડતી યોજનાઓના **Online** અરજીપત્રકો ભરવાની કામગીરી શાળા/કોલેજો/યુનિવર્સિટીના સહયોગથી તા: ૧૫/૧૧/૨૦૧૭ સુધીમાં કરાવવાની રહેશે. **Online** અરજી પ્રકિયા પૂર્ણ થયે તેની પ્રિન્ટ તથા સાધનિક કાગળો સાથેની અરજી જે તે શાળા/કોલેજ/ યુનિવર્સિટીના શિષ્યવૃતિની કામગીરી સંભાળતી શાખાએ એકત્રિત કરી રાખવાની રહેશે.

વિદ્યાર્થીઓની કામગીરી બાદ શિક્ષણ વિભાગની ચાલુ વર્ષની ટેબલેટ સહાયની યોજના મુજબ જે User ID/Password મળેલ છે તેના આધારે ઉચ્ચતર માધ્યમિક શાળા, કોલેજો, યુનિવર્સિટીએ ઉક્ત વિદ્યાર્થીઓની Online Applicationની Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સંબધિત જિલ્લા કચેરીને Online Forward કરવાની થાય છે. ટેબ્લેટ યોજનામાં જો User ID/Password ન મળેલ હોય તો આવી શાળા/કોલેજ/યુનિવર્સિટી માટે Dise Code/Aishe Code User ID તરીકે ગણવાનો રહેશે અને Default પાસવર્ડ Abcd@123 ગણવાનો રહેશે. પ્રથમ વખત લોગીન થયા બાદ Default પાસવર્ડ Change કરવાનો રહેશે. અત્રે પ્રથમ વખત લોગીન થયેથી તમામ કોલેજ/યુનિવર્સિટીને પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે તેમજ કોલેજ / યુનિવર્સિટીજે કોર્ષ ચાલતા હોય તેની વિગતો અપડેટ કરવાની રહેશે. જેથી Online અરજી કરતી વખતે Website પર વિદ્યાર્થીઓની કોર્ષની વિગતો જોવા મળશે. આ કોર્ષ Select કરી અરજીપત્રકો Online ભરી શકાશે.

ઉક્ત બાબતો ધ્યાને લઇ તેનો બહોળો પ્રચાર-પ્રસાર કરવા, Online અરજીપત્રકો ભરાવવા, વેરીફીકેશન કરવા વિગેરે બાબતોને પ્રાયોરીટી આપી કામગીરી કરવા આથી સૂચના આપવામાં આવે છે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુજરાત રાજય, ગાંધીનગર

# ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ માટે ઓનલાઇન અરજી કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજય
ગાંધીનગર

## અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અરજી પત્રકો Online ભરવા અંગેની સુચનાઓ

# ઓનલાઇન ફોર્મ તમામ સૂચનાઓ વાંચ્યા પછી જ ભરવું.

# https://www.digitalgujarat.gov.in

### ( વિદ્યાર્થીએ અરજી કરવાની રીત )

➔ પ્રથમ વિદ્યાર્થીઓએ **Digital Gujarat Portal** વેબસાઇટ પર **Citizen** તરીકે નવું રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે. વિદ્યાર્થી એક વાર રજીસ્ટ્રેશન કરે અને જે LoginID-Password મળશે સંપૂર્ણ અભ્યાસક્રમ માટે તે જ LoginID-Password Use કરવાના હોય તેને યાદ રાખવાના રહેશે. નવુ રજીસ્ટ્રેશન આધાર નંબર, **E-mail ID**, મોબાઇલનં તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશનમાં **E-mail ID** અને મોબાઇલનં રજીસ્ટ્રેશન વખતે ફરજીયાત હોવાથી વિદ્યાર્થીઓનું **E-mail ID** અને મોબાઇલનંબર હોવો ફરજીયાત છે. રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પુનઃ **Login** કરી પોતાની પ્રોફાઇલ **My Profile**માં જઇ **Update** કરવાની રહેશે.

➔ પ્રોફાઇલ **Update** કર્યા બાદ વિદ્યાર્થીએ આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓ પૈકી જે યોજના માટે પાત્રતા ધરાવતા હોય તે યોજનામાં ઓનલાઇન અરજી કરવાની રહેશે. (વિદ્યાર્થી જે જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તે તમામ યોજનામાં અલગ અલગ એપ્લાય કરવાનુ રહેશે.) વિદ્યાર્થી ઓનલાઇન લોગીન થયા બાદ **"Request a New Service"** ઉપર ક્લીક કરી **"Filter Services"** મેનુમાં જઇ **"Director Schedule Caste Welfare"** પર ક્લીક કરશે તો ઉપર મુજબની તમામ યોજનાઓનુ લીસ્ટ જોઇ શકાશે અને જે યોજના માટે પાત્રતા ધરાવતા હશે તેમા ક્લીક કરી એપ્લાય કરી શકાશે. યોજના પંસદ કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને Attachmentમાં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ Upload કરવાના રહેશે. તમામ વિગતો અને ડોક્યુમેન્ટ Upload અપલોડ થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને પુરેપુરૂ અરજીપત્રક ભરાય ગયા બાદ ફાઇનલ કરી Submit કરવાનુ રહેશે જેથી અરજી વિદ્યાર્થીના સબંધિત શાળા/કોલેજના લોગીનમાં ઓનલાઇન જતી રહેશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી શાળા/કોલેજ/યુનિવર્સિટી/આઇ.ટી.આઇ.ને જમા કરાવવાના રહેશે.

નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે અને સંસ્થાને જમા કરાવવાનુ રહેશે.

## ( વિદ્યાર્થીઓ માટે અન્ય સૂચનાઓ )

➔ જે વિદ્યાર્થીએ અગાઉ પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે વર્ષ ૨૦૧૭-૧૮માં સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટે Onlineઅરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓએ સીધા તે જ **Login ID-Password** વડે જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.

➔ તમામ વિદ્યાર્થીઓએ આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી તમામ વિદ્યાર્થીઓ તેમના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) જો બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્કને વિગતો પુરી પાડી લીકીંગ (સીડીંગ) કરાવી દે તેવી વિનંતી કરવામાં આવે છે. દરેક વિદ્યાર્થી દીઠ એક મોબાઇલ નંબર તથા એક ઇ-મેઇલ આઇ.ડી. યુઝ કરવા દેવામાં આવશે.

➔ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે.

➔ પોર્ટલ પર અરજી કરવા માટેની આખરી તા.**૧૫/૧૧/૨૦૧૭** નિયત થયેલ છે. તે બાબત ધ્યાને લઇ તા.૧૫/૧૧/૨૦૧૭સુધીમાં તમામ વિદ્યાર્થીઓએ બિનચૂક ઉપરોકત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી **Online** અરજી કરવાની રહેશે.

➔ જે જિલ્લાનાં મૂળવતની હોય તેવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ગુજરાત રાજય બહાર (Out Stateમાં) માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ **Online** જ અરજી કરવાની રહશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતા અને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ સાથે મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાની રહેશે.

➔ જે વિદ્યાર્થીઓએ ફ્રીશીપકાર્ડ કઢાવી એડમીશન મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ "અનુસૂચિત જાતિના વિદ્યાર્થાઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ (GOI) (માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓ માટે)(BCK-6.1)" યોજનામાં જ એપ્લાય કરવાનુ રહેશે.

➔ વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન કરતી વખતે પોતાના બેંક ખાતાનો નંબર અને જે બેંક ખાતા નંબર આધાર નંબર સાથે લીંક કરેલ હોય તે એકાઉન્ટ નંબર જ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે નાખવાનો રહેશે. બેંકની શાખાનો IFS કોડ પણ ધ્યાન રાખીને નાખવાનો રહેશે. જે વિદ્યાર્થીનો બેંક એકાઉન્ટ નંબર/ આધાર નંબર સાથે લીંક ન થયેલ હોય તેને તેની બેંક શાખામાં જઇને આધાર સીડીંગ માટેનું ફોર્મ ભરીને સીડીંગ કરાવવાનું રહેશે. અને બેકનું ખાતુ ચાલુ રહે તથા બેંકના નિયમ મુજબ KYC(KNOW YOUR CUSTMER)ફોર્મ ભરેલ છે કે નહીં તેની ખાતરી કરવાની રહેશે.

➔ વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે પોતે ભરેલ ફીની પહોંચ સ્કેન કરી અપલોડ કરવાની રહેશે. જો તેમ નહીં કરવામાં આવે તો તેને ફક્ત મેઇટેનન્સ એલાઉન્સ (નિભાવ ભથ્થુ) જ

મળવાપાત્ર થશે. વિદ્યાર્થી દ્વારા ભરવામાં આવેલ ફી માં મુખ્યત્વે પ્રવેશ ફી, ટ્યુશન ફી( શિક્ષણ ફી) અને અન્ય ફી સરકારી કોલેજના કોર્સમાં મળવાપાત્ર શિક્ષણ ફી મુજબની નિયમોનુસાર જ મળવા પાત્ર થશે.

- ➔ વિદ્યાર્થીએ પોતાના અભ્યાસક્રમની વિગત ખૂબ જ સાવધાની પૂર્વક પસંદ કરવાની રહેશે.જો વિદ્યાર્થી દ્વારા કોઇ ખોટી સંસ્થા અથવા ખોટો અભ્યાસક્રમ પસંદ કરવામાં આવશે તો તેની અરજી કોઇ અન્ય શાળા / કોલેજ / યુનિવર્સિટીને Online Send થઇ જશે. જો આવી કોઇ પરીસ્થિતિ ઉભી થશે તો તે અંગેની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
- ➔ વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન ફોર્મ ભરતી વખતે જો તેના પોતાના અભ્યાસક્રમની વિગત મેનુમા ન મળે તો તે અંગેની જાણ તેની સંસ્થાને કરવાની રહેશે. અને ત્યારબાદ જો સંસ્થા તે અભ્યાસક્રમ પોતાના લોગીનમાં જઇ અપડેટ કરશે તો વિદ્યાર્થી તે અભ્યાસક્રમ સીલેક્ટ કરી શક્શે.
- ➔ વિદ્યાર્થી દ્વારા કોઇપણ પ્રકારની માહિતી ખોટી ભરવામાં/ પસંદ કરવામાં આવશે અથવા કોઇ માહિતી છુપાવવામાં આવશે તો તેને કોઇપણ રીતે ફરીથી સ્કોલરશીપનુ ફોર્મ ભરવા દેવામાં નહી. જો વિદ્યાર્થી ખોટી રીતે માહિતી છુપાવી શિષ્યવૃતિ મેળવવાનો પ્રયાસ કરશે તો તેને શિષ્યવૃતિ માટે બ્લેકલીસ્ટ કરી દેવામાં આવશે. વિદ્યાર્થીઓને વિનંતી છે કે ફરીથી ડુપ્લીકેટ એપ્લીકેશન ભરવાનો પ્રયત્ન ન કરે.
- ➔ વિદ્યાર્થીએ ઓનલાઇન એપ્લીકેશન ભરવાની છેલ્લી તારીખ સુધીની રાહ ન જોવી સંસ્થાના માર્ગદર્શન હેઠળ બને તેટલુ જલદી ફોર્મ ભરી દેવા વિનંતી છે.
- ➔ વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે પણ જો તેની એપ્લીકેશન સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે જે ધ્યાને લેવાનુ રહેશે.
- ➔ વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે.
- ➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાના રહેશે.
- ➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામુ કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે
- ➔ વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા વધારા કરી શકશે નહિ.
- ➔ વિદ્યાર્થીએ ડીઝીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્ને જરૂર જણાયે હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

**( વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતા પહેલા નીચે મુજબની વિગતો પોતાની સાથે ફરજીયાત રાખીને બેસવું તથા નીચે મુજબના તમામ ડોક્યુમેન્ટ સ્કેન કરીને રાખવા)**

➔ વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાનુ છે કે તેનુ પોતાનુ ઇ-મેઇલ એડ્રેસ હોવું જરૂરી છે જો તે ન હોય તો તેને તાત્કાલિક ઇ-મેઇલ આઇ.ડી બનાવવાનું રહેશે.

➔ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીના મોબાઇલ નંબર પર OTP (ONE TIME PASSWORD) આવશે. તેમજ ભવિષ્યમાં જરૂરી મેસેજ તથા સુચનાઓ આવશે. તેથી પોતાનો મોબાઇલ નંબર ઓનલાઇન ફોર્મ ભરતી વખતે રજીસ્ટર કરાવવો જરૂરી છે.

➔ વિદ્યાર્થીના સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા જાતિના દાખલાની સ્વ પ્રમાણિત નકલ.

➔ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા આવકના દાખલાની સ્વ પ્રમાણિત નકલ (પરણિત સ્ત્રીના કિસ્સામાં (પતિનાં), જો પિતા હયાત ન હોય તો અથવા માતા પિતાએ છૂટાછેડા લીધા હોય તેવા કિસ્સામાં પિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અથવા છુટાછેડાનો આદેશ રજૂ કરેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે. (આવકનો દાખલો સરકારશ્રીના નિયમ મુજબ ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે) )

➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટની નકલ

➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામુ

➔ જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું સર્ટીફીકેટ (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે જે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)

➔ બેંક પાસબુકની પ્રથમ પાની નકલ જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય /જો પાસબુક ન હોય તો Cancel ચેક અપલોડ કરવો જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય

➔ આધારકાર્ડની નકલ

➔ હાલના અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલ તારીખ તથા શૈક્ષણિક વર્ષ પૂર્ણ થવાની અંદાજીત તારીખ (જે સંસ્થા પાસેથી મળી રહેશે)

➔ વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ (વાર્ષિક)

➔ પાસપોર્ટ સાઇઝનો ફોટો

➔ જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર

➔ વિદ્યાર્થીના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર

( વિદ્યાર્થીએ ફાઇનલ પ્રિન્ટ આઉટ નીકાળ્યા બાદ તેઓએ અરજીમાં સહી કરીને નીચે મુજબના ડોક્યુમેન્ટ સાથે જે તે શાળા/કોલેજ/સંસ્થામાં જમા કરાવવાના રહેશે )

- ➔ વિદ્યાર્થીના સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા જાતિના દાખલાની સ્વ પ્રમાણિત નકલ રજુ કરવી.
- ➔ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા આવકના દાખલાની સ્વ પ્રમાણિત નકલ રજુ કરવી. (પરણિત સ્ત્રીના કિસ્સામાં (પતિનાં), જો પિતા હયાત ન હોય તો અથવા માતા પિતાએ છુટાછેડા લીધા હોય તેવા કિસ્સામાં પિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અથવા છુટાછેડાનો આદેશ રજૂ કરેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે. (આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે) )
- ➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર પ્રમાણિત માર્કશીટની નકલ રજુ કરવી
- ➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇ સરકારી / અર્ધસરકારી નોકરી કરેલ નથી કે કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામુ રજુ કરવુ.
- ➔ જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું પ્રમાણપત્ર રજુ કરવુ. (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે જે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)
- ➔ બેંક પાસબુકની પ્રથમ પાની નકલ જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય /જો પાસબુક ન હોય તો Cancel ચેક જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે રજુ કરવો.
- ➔ આધારકાર્ડની નકલ રજુ કરવી.
- ➔ વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ રજુ કરવી.
- ➔ જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવુ.
- ➔ વિદ્યાર્થીની(કન્યા)ના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર રજુ કરવુ.